Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X



# ભારતીય આદિવાસી કલા અને સંસ્કૃતિ: ગુજરાતના ભીલ અને ગરાસિયા સમુદાયના વિશેષ સંદર્ભમાં

સોલંકી મુકેશકુમાર જોઈતાભાઈ
Ph.D Research Scholar, સમાજશાસ્ત્ર વિભાગ,
સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ

**સારાંશ** :

સંસ્કૃતિને માનવ સમૂહની રહેણી-કરણી, પ્રથા-પરંપરા, ધાર્મિક અનુષ્ઠાન, સામાજિક વિધિ-વિધાન અને ટેવોના સામાજિક વારસા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી છે, જેનો ઉદ્ભવ માનવજીવનના આરંભથી થયેલો ગણાય છે.

આદિવાસીઓમાં કલા-કારીગરીની આગવી સૂઝબૂઝ જોવા મળે છે, જે તેઓ ભીંતચિત્રો અને વાદ્યોમાં રજૂ કરે છે. તેઓ રમકડાં, શણગાર, ગૃહ અને કૃષિ વસ્તુઓ જાતે બનાવે છે. દા.ત., છોકરીઓ રેશામાંથી ઢીંગલીઓ અને ઘઉંની ડૂંડીમાંથી ઘરેણાં તૈયાર કરે છે. ખેતીના સાધનો જેમ કે ચક્ર, સમાર અને ધુંસરી પણ જાતે બનાવે છે. તેમની 'હરણ પદ્ધતિ' (પહાડોમાં પાણી ઉપર ચડાવવાની) ઇજનેરી કલાના ઉત્તમ દર્શન કરાવે છે. રણપ્રદેશ અને જંગલોમાં વસતા હોવાથી તીર-કામઠું અને તલવાર તેમના જીવનસાથી જેવાં છે. તીર મુખ્યત્વે ચાર પ્રકારનાં હોય છે: પાલરાં, કટારી, લાંખણી (ટપી), અને તુબરખું.

આદિવાસીઓ ગીત, સંગીત અને નૃત્યોના રંગોથી રંગાયેલો સમુદાય છે, જેમના નૃત્યો સાદગીપૂર્ણ હોય છે. પ્રચલિત લોકનૃત્યોમાં ઢોલ નૃત્ય, સાંગ નૃત્ય, હોળી નૃત્ય અને જાગ જવારા નૃત્ય (નવું અનાજ પાકે ત્યારે)નો સમાવેશ થાય છે. ભીલ-ગરાસિયા સમુદાયનું લોકસાહિત્ય ગરાસીયા બોલીમાં વાર્તાઓ, લોકગીતો, ઉખાણા, અને કહેવતો સ્વરૂપે જોવા મળે છે.

આદિવાસીઓ ઋતુચક્ર પ્રમાણે પર્વોત્સવ મનાવે છે, જેમાં હોળી મહોત્સવ (પંદર દિવસ સુધી નાચગાન ચાલે છે), ગોર (ગણગોર), દિવાળી ('મેળ મેરાયું' દ્વારા), અને કાળી કાતોક

(દેવ દિવાળી) મુખ્ય છે. ડુંગરી ભીલો અને સોખલા ગરાસિયા પ્રકૃતિ સાથેનું જીવન વિતાવે છે, તેથી સૂર્ય, ચંદ્ર, અને પવન પણ તેમના દેવો છે. જળુકાર ભગવાનને સૃષ્ટિના રચયિતા અને 'અમિયા'ને મહત્ત્વની દેવી માને છે. ઢોલ (ચર્મ વાદ્ય) તેમના જીવન સાથે વણાયેલું મહત્ત્વનું લોકવાદ્ય છે. પુરુષો પહેરણ, ધોતિયું અને માથે ફેંટો પહેરે છે, જ્યારે સ્ત્રીઓ કબજો, રંગીન ભાતવાળો સાડલો કે ગવન પહેરે છે. સ્ત્રીઓ ચાંદીના ઘરેણાંની શોખીન હોય છે, જેમાં વારલો, હાંસડી, પાટિયું, દામણી અને બોરીયું (મેળાઓ અને લગ્નમાં મધ્ય કપાળમાં પહેરવામાં આવે છે) મુખ્ય છે. ભીલો પોતાની ભીલી ભાષા બોલે છે, જેનું કોઈ લિખિત સ્વરૂપ નથી. આ ભાષા પર હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાની અસર જોવા મળે છે.

**પ્રસ્તાવના :**

માનવ સમૂહની રહેણી-કરણી, પ્રથા-પરંપરા, ધાર્મિક અનુષ્ઠાન, સામાજિક વિધિ-વિધાન, વાણી, વલણો, અને ટેવોના સામાજિક વારસાને સંસ્કૃતિ કહેવામાં આવે છે. આદિવાસી સંસ્કૃતિનો ઉદ્ભવ માનવજીવનના આરંભથી થયેલો ગણાય છે.

## ૧. આદિવાસી કળા-કારીગરી, હથિયાર, અને શિકાર :

આદિવાસીઓમાં કલા-કારીગરીની આગવી સૂઝબૂઝ જોવા મળે છે. તેઓ ભીંતચિત્રો અને વાદ્યોમાં પોતાની કલાકારીગરી રજૂ કરે છે.તેઓના સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક પ્રસંગોએ નૃત્યો, ગીતોમાં તેમનું કલાતત્વ નિરખી આવે છે.

## ➤કારીગરી અને હસ્તકલા:

- **રમકડાં અને શણગાર:** છોકરાઓ રમવા માટે ભમરડા, ગિલ્લી-દંડા અને ખપાટિયા જાતે બનાવે છે. છોકરીઓ રેશામાંથી સુંદર ઢીંગલીઓ, ઘઉંની ડૂંડીમાંથી કાનમાં પહેરવાના ઘરેણાં અને ઘાસમાંથી આકૃતિઓ તૈયાર કરે છે.મણકામાંથી ઘરેણાં બનાવે છે, પડીયા-પતરાળા પોતાની જાતે બનાવે છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

- **ગૃહ અને કૃષિ વસ્તુઓ:** તેઓ લાકડામાંથી સુંદર પ્રતિમાઓ ઘડે છે. ખેતીમાં વપરાતા સાધનો જેમ કે ચક્ર, ખીલી-ફાચર, સમાર, અને ધુંસરી પણ જાતે બનાવે છે. ખાખરાના મૂળના રેસામાંથી કે શણમાંથી દોરડાં બનાવવાની કલા પણ તેઓ જાણે છે.
- **ઇજનેરી કલા:** પહાડોમાં ઊંચેથી પાણી નીચે લઈ જઈને પાછું ઊંચે ખેતરોમાં ચડાવવાની 'હરણ પદ્ધતિ' તેમની ઇજનેરી સર્જન કલાના ઉત્તમ દર્શન કરાવે છે.

## ➤હથિયારો:

રણપ્રદેશના અને જંગલોમાં વસતા હોવાથી, હથિયારો તેમના જીવનસાથી જેવાં છે. તીર-કામઠું કે તલવાર વિનાનું ઘર ભાગ્યે જ જોવા મળે છે.

- **તીર-કામઠું:** કામઠું લગભગ છ ફૂટ લાંબું હોય છે, જે વાંસની જાડી ચીપમાંથી બને છે. તેની 'પણેસ; (પણછ) પણ વાંસની પાતળી ચીપની બનાવેલી હોય છે. જે બંને છેડેબળદ કે ગાયની નસથી મજબૂત રીતે બાંધેલી હોય છે.

તીર મુખ્યત્વે ચાર પ્રકારનાં હોય છે:

- **પાલરાં:** દુશ્મન કે પશુને વીંધવા માટે ઉપયોગી.
- **કટારી:** અગ્ર ભાગે તિક્ષ્ણ અને બેઈંચ પછી કટાર જેવો આંકડો વાળેલો હોય છે, તેને કટારીકહે છે. શત્રુ કે પશુને પૂરાં મારવા અને શરીરમાંથી માંસ કે આંતરડાં બહાર ખેંચી કાઢવા માટે તેનો ઉપયોગ થાય છે.
- **લાંખણી (ટપી):** મથાળે નાના ભમરડા જેવો લોખંડનો ટુકડો કે'હેંગટા' નામના વૃક્ષનું સખત ફળ બેસાડવામાં આવે છે. તેને લાંખણી કે ટપી કહે છે. આ પક્ષીઓના શિકાર માટે ઉપયોગીછે.
- **તુબરખું:** મથાળે તીક્ષ્ણ અણી અને નીચેના ભાગે આમળેલા તીરને 'તુબરખું' કહે છે. તેનો ઉપયોગ શત્રુને પીડા પહોંચાડવા માટેથાય છે. કારણ કે ખેંચતી વખતે અસહ્ય વેદના થાય છે.

- **તલવાર:** શિરોહીની તલવાર ભીલોને પ્રિય છે, જે સારી જાતની 'ગજવેલ'માંથી બનાવેલ હોય છે. તલવારની મૂઠ સારી જાતના લોઢાથી કલાત્મક રીતે મઢેલી હોય છે. તેનો ઉપયોગ રક્ષણ અને બકરાનું બલિદાન આપવામાં થાય છે.

### ➤શિકારની પ્રથા:

વર્ષો પહેલાં દેવ દિવાળીએ સમૂહમાં શિકારે જવાનો રિવાજ હતો, જે હવે રહ્યો નથી. 'આદિ ધાલી' શિકાર કરવામાં શિકારી ખાડો ખોદીને સંતાઈ જતો અને પ્રાણીઓને છેતરીને શિકાર કરતો.

## ૨. આદિવાસી લોકનૃત્યો, સંગીત અને લોકસાહિત્ય :

આદિવાસીઓ ગીત, સંગીત અને નૃત્યોના રંગોથી રંગાયેલી મસ્ત સમુદાય છે. મેળા, ઉત્સવ, લગ્ન કે અન્ય પ્રસંગોમાં તેઓ મસ્તીમાં આવીને નાચવા લાગે છે.હોળી કે ઉત્સવના દિવસોમાં તે ભૂખ્યા રહી શકે છે પણ નૃત્ય વગરરહી શકતા નથી.

### ➤લોકનૃત્યોના પ્રકાર:

આદિવાસીઓનાં તમામ નૃત્યો સાદગીપૂર્ણ હોય છે, જેમાં વીજળી કે માઇકની જરૂર પડતી નથી. આ વનવાસીઓનાં વિવિધ પ્રકારનાં પ્રચલિતલોકનૃત્યોને જાણીએ.

- **ઢોલ નૃત્ય:** ઢોલ તેમના જન્મથી મરણ સુધીનો સાથી છે. સ્ત્રીઓ ઢોલના તાલ સાથે કમરે હાથના કંદોરા ભીડીને કે એકબીજાના ખભે હાથ મૂકીને ગોળ વર્તુળ બનાવીને નાચે છે. સામાન્ય રીતે ઢોલ ફાગણ સુદ પાંચમથી વર્ષા ઋતુમાં આવતાં લગ્નો સુધીવગાડવાનો રિવાજ છે. ત્યારપછી ભય, મૃત્યુ જેવાં આકસ્મિક કારણો સિવાય ઢોલવગાડવાની સખત મનાઈ છે, છતાં પણ કોઈ ઢોલ વગાડે તો આજુબાજુના લોકો દોડી આવેછે.

ભીલોના ધાર્મિક અને સામાજિક ઉત્સવોમાં ઢોલ કેન્દ્ર સ્થાને છે. નૌરતું, ગોર, હોળી, મેળા અને લગ્ન ઢોલ વિના ઊજવી ન શકાય. હોળીના મહોત્સવ વખતે ડુંગરી ભીલો ડાકણ, વાઘ, રખી જેવા વિવિધ પ્રકારના વેશ ભજવે છે. આ વેશ અને નૃત્ય સાથે ભળી જતો ઢોલનો ઘેરો સ્વર આદિમ આબોહવા ઊભી કરે છે.

- **સાંગ નૃત્ય:** સાંગમાંથી 'ઢીંગો ઢીંગો' અને 'ફત્તાં ફત્તાં' અવાજ આવતાં સ્ત્રી-પુરુષો લચક લઈને નૃત્ય કરે છે.સાંગના ચામડા પર આંગળીઓ અને થાપ સરખાં પડે ત્યારે સાંગમાંથી 'ઢીંગઢીંગાં ઢીંગ; જેવો સ્વર પ્રગટે છે. સાંગના બદલામાં આ તાલથી સ્ત્રી-પુરુષોના નાચવાનોપ્રકાર પણ બદલાઈ જાય છે.
- **હોળી નૃત્ય:** હોળી મહોત્સવ દરમિયાન ફાગણ સુદ પાંચમથી મોડી રાત સુધી નાચ-ગાન ચાલે છે.જેમ જેમ રાત જામે છે, તેમ તેમ નૃત્યોની ગતિ પણ વધે છે. હોળીનૃત્યમાં ઠાકોરના ઘોડા, રખી, ઝરખું, ગોપીઓ, ડાકણી, કાથોડી, ભરવાડ, હાથી જેવા વેશોકાઢીને તે વિશિષ્ટ અદામાં નૃત્ય કરે છે.
- **જાગ જવારા નૃત્ય:** નવું અનાજ પાકે ત્યારે અન્નદેવને રીઝવવા માટે વાંસની છાબડીઓમાં જવારા તૈયાર કરીને સ્ત્રીઓ માથા પર લઈને નાચે છે.
- અન્ય નૃત્યોમાં તંબૂર નૃત્ય, વાંસળી નૃત્ય, ઘેર નૃત્ય, અને ગોર નૃત્યનો સમાવેશ થાય છે.

**➤લોકસાહિત્ય:**

ભીલ ગરાસિયા સમુદાયમાં પણ ગરાસીયાબોલીમાં વાર્તાઓ, લોકગીતો, ઉખાણા, કહેવતો વગેરે સ્વરૂપે તેનું લોક સાહિત્ય જોવા મળેછે. લોક સાહિત્યમાં લોકગીતો, ગોત્ર અટક, બાળવાર્તાઓ, દેવદેવીઓની લોકવાયકાઓ,અડંગાઓ, સાંસ્કૃતિક મૂલ્યોની વાતો, કુદરતી તત્વોની ઉત્પત્તિ વિષયક અને તેઓનાપરિભ્રમણ વિશે કથાઓ વગેરેનો સમાવેશ થાય છે. ભીલ-ગરાસિયાઓમાં ઉખાણાં પ્રચલિત છે, જે રોજ રાત્રે સૂતી વખતે ઘરના વડીલો બાળકોને કહે છે.

## ૩. ઉત્સવો, મેળાઓ અને તહેવારોની ઉજવણી :

આદિવાસીઓ ઋતુચક્ર પ્રમાણે પર્વોત્સવ મનાવે છે. મહા માસથી શરૂ કરી પોષ માસ સુધીના એક વર્ષના સમયગાળામાં ભીલો અલગ અલગ તહેવારો ની ઉજવણી કરે છે.

- **હોળી મહોત્સવ:**

વસંત ઋતુનો આ તહેવાર સવિશેષ રીતે ઉજવાય છે, જેમાં પંદર દિવસ સુધી નાચગાન ચાલે છે. હોળી પ્રગટાવ્યા પહેલાં ગામનો મુખી મકવાણા ગોત્રનાં સ્ત્રી-પુરુષોને પ્રદક્ષિણા ન કરવાની મનાઈ ફરમાવે છે, કારણ કે હોલિકાને તેઓ મકવાણા ગોત્રની માન્યતા સાથે જોડે છે.

● **ગોર (ગણગોર)**

ગોર અથવા ગણગોર એ ડુંગરી ભીલોનો હોળી પછીનો બીજો મહત્ત્વનો ઉત્સવ છે.આ મહોત્સવ વૈશાખ સુદ એકમથી પૂનમ સુધીના ગાળા દરમ્યાન ઊજવવામાં આવે છે.

● **દિવાળી:**

દિવાળીની ઉજવણી 'મેળ મેરાયું' કરી તહેવારોની ઉજવણી કરે છે.

● **કાળી કાતોક (દેવ દિવાળી):** આ રાત મેલાં દેવ-દેવીઓ અને વેહ (ભૂત)ને સાધવાની મહત્ત્વની રાત ગણાય છે. ભોપા અને શિષ્યો નદીકિનારે આવેલા સ્મશાનમાં જઈને સાધના કરે છે.

● **અન્ય તહેવારો:** ગૌર મહોત્સવ (ફાગણમાં), માણેકનાથનો હગ (વૈશાખમાં), દિવાસાના દિવસે લીલાવણ પૂજવાનો રિવાજ (અષાઢમાં), અને દેવરાનો ઉત્સવ (ભાદરવામાં) ઉજવાય છે.

## ૪. આદિવાસી લોકદેવો અને લોકવાધ્યો :

### ➤લોકદેવો:

ડુંગરી ભીલો અને સોખલા ગરાસિયા પ્રકૃતિ સાથેનું જીવન વિતાવે છે, તેથી સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહો, પવન, અગ્નિ, ઇંદ્ર વગેરે પણ તેમના દેવો છે.

- **મુખ્ય દેવો:** જળુકાર ભગવાનને સૃષ્ટિના રચયિતા, અને 'અમિયા'ને મહત્ત્વની દેવી માને છે.
- **મેલા દેવો:** ત્રીજા પ્રલય (જળુકાર) વખતે ભૂત, વીર, રખી તથા મેલા દેવ-દેવીઓ અસ્તિત્વમાં આવ્યાં, જેમને ખુશ કરવા બલિદાન અપાય છે.
- **ગ્રામદેવો:** ગોરમાતા, દેવરાનો ઠાકોર, કાળો-ગોરો ભેરવ, ગુણપો, વાસંગ નાગ, ચામુંડા, અંબાજી, કાળકા, શીતળા વગેરે ગ્રામદેવો છે, જેમની પૂજા ભોપા દ્વારા થાય છે.

### ❯લોકવાધ્યો:

ગીત, સંગીત અને નૃત્ય તેમના જીવનમાં નવીન ચેતના, ઉલ્લાસ અને પ્રાણ સિંચે છે. તેમના વાદ્યોમાં ચર્મ વાદ્યો, તંતુ વાદ્યો અને સુષિર વાધ્યોનો સમાવેશ થાય છે.

- **ઢોલ (ચર્મ વાદ્ય):** ઢોલ તેમના જીવન સાથે વણાયેલું મહત્ત્વનું ચર્મ વાદ્ય છે, જે 'હવણ'ના લાકડામાંથી બને છે અને તેના પર મોર, ઘોડા કે ફૂલપાનનાં લોકચિત્રો દોરવામાં આવે છે.

## ૫. આદિવાસી પહેરવેશ અને અલંકાર :

### ❯પહેરવેશ:

આદિવાસીઓનો પહેરવેશ તેમની આગવી ઓળખ છે.

- **પુરુષો:** ડુંગરી ભીલ પુરુષો ઉપરના ભાગે પહેરણ અને નીચે ધોતિયું પહેરે છે, માથે ફેટો બાંધે છે. હવે યુવાનો પેન્ટ-શર્ટ પહેરવા લાગ્યા છે.
- **સ્ત્રીઓ:** સ્ત્રીઓ ચણીયો-જોડણીને સ્થાને કબજો, રંગીન ભાતવાળો સાડલો કે ગવન પહેરે છે. હવે ભીલ યુવતીઓ પાતળા કપડાં અને સાંકડા ચણીયા પણ પહેરે છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

**➤અલંકાર (ઘરેણાં):**

આદિવાસી સ્ત્રીઓ અલંકારોની ખૂબ શોખીન હોય છે અને મોટાભાગે ચાંદીના ઘરેણાં પહેરે છે.

- **સ્ત્રીઓના ઘરેણાં:** વારલો, હાંસડી, સેર (ચાંદીની), પાટિયું, દામણી, બોરીયું, ફૂલરી (ચુની), કડલાં, છડા, ચુડ (ચાંદી કે હાથીદાંતની) વગેરે. મેળાઓમાં અને લગ્નમાં 'બોરીયું' અને 'દામણી' મધ્ય કપાળમાં પહેરવામાં આવે છે.
- **પુરુષોના ઘરેણાં:** ઘુઘરીવાળી ચાંદીની સાંકળી, કંદોરો, કડું, મરકી, બૂટિયાં વગેરે.

## ૬. આદિવાસીભીલોની ભાષા અને બોલી :

ભીલો પોતાની ભાષા બોલે છે, તે ભીલી કહેવાય છે. આ ભાષાનું કોઈ લિખિત સ્વરૂપ નથી. તેને બોલી ન કહેતાં ભાષા કહેવી વધુ યોગ્ય ગણાય.ભીલી ભાષા પર બીજી ભાષાઓની અસર છે. રાજસ્થાનની સરહદની નજીક વસતા દેલવાડા પટ્ટાના આદિવાસીઓની બોલાતી બોલી પર કે ભાષા પર રાજસ્થાનની હિન્દી ભાષાની અસર સ્પષ્ટ જોઈ શકાય છે. ઘણા બધા હિન્દી શબ્દો ભીલી કંઠસ્થ ભાષામાં બોલાય છે. તેવી રીતે સરહદ નજીક વસતા ડુંગરી ભીલોની બોલાતી ભાષામાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાના ઘણાં બધા શબ્દો ભરેલા જોઈ શકાય છે.

## ૭. આદિવાસી ગુફા ચિત્રો :

અરવલ્લી ગિરિમાળામાં અનેક ગુફાઓ આવેલી છે, જેમાં પ્રાચીન પાષાણયુગના લોકોની સંસ્કૃતિનાં એંધાણ મળે છે.

- **માણેકનાથ ડુંગર:** અહીં આવેલી ગુફાઓમાં આદિમાનવે વનસ્પતિ રંગોથી ચિત્રો દોર્યાં હશે.
- **કોઠારીની ગુફાઓ:** અંબાજીથી ૧૪ કિલોમીટર દૂર સેંબલપાણી પાસેના કણજલા ગામ નજીકની વિરાટ પર્વતમાળામાં આવેલી ગુફાઓને આદિવાસીઓ 'કોઠારીની ગુફાઓ' કહે છે. આ ગુફાચિત્રો હડપ્પાની સંસ્કૃતિની કલાકૃતિ હોવાનું મનાય છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X



## • ઉપસંહાર :

ગુજરાતના ભીલ અને ગરાસિયા સમુદાય પાસે કલા, કારીગરી, લોકનૃત્યો, તહેવારો અને ભાષાના સ્વરૂપમાં એક સમૃદ્ધ સામાજિક વારસો અને આગવી સાંસ્કૃતિક ઓળખ છે. તેમનું જીવન પ્રકૃતિ, પરંપરા અને સમૂહ ભાવના સાથે ગાઢ રીતે જોડાયેલું છે, જે તેમની સંસ્કૃતિને વિશિષ્ટ બનાવે છે.

## • સંદર્ભસૂચિ :

1. પટેલ, ભગવાનદાસ (૨૦૨૧),“આદિવાસી સંસ્કૃતિ-સમાજ અને કળા”,કલા પ્રકાશન, સુરત.
2. આચાર્ય કનુ, (૨૦૦૮), “બનાસની અસ્મિતાનો ઉન્મેષ”, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.
3. સોલંકી સિધ્ધરાજ,(૧૯૭૭), ત્સાંમળેજીન્ ગરાહજ્જા” શામળાજીના ગરાસિયાઓ, આદિવાસી સંશોધન અને તાલીમ કેંદ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
4. પંચોલી, રવિન્દ્ર, (૨૦૧૬) "આદિવાસી સમુદાયમાં સ્વાસ્થ્ય સંસ્કૃતિ સહસંબંધ એક અભ્યાસ", ગુજરાત વિદ્યાપીઠ.
5. પંચાલ, વીરચંદ (૨૦૦૮), “બનાસની અરવલ્લી સંસ્કૃતિ”, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.